


# પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ રહેણાંક મકાનોમાં વરસાદી પાણી ઘુસ્યા

## માત્ર એક ઇંચ વરસાદમા જ મકાનોમાં પાણી ઘુસ્યાની ઘટના સામે આવી રહીશો દ્વારા અનેકવાર રજુઆતો છતાં કામ ના થતા રહીશોમાં રોષ



પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જાણે નગરપાલિકાની પ્રિ.મોન્સુનની કામગીરીની પોલ ખૂલી હોય તેમ માત્ર એક ઇંચ વરસાદમા જ નાની ભાગોળ સબજેલ પાસે આવેલ રહેણાંક મકાનોમાં પાણી ઘુસ્યા હતા.

પ્રાંતિજ ખાતે મોડી સાંજે વરસેલા એક ઇંચ વરસાદે નગરપાલિકાની પ્રિ.મોન્સુનની કામગીરી પોલ ખુલી છે અને માત્ર એક ઇંચ વરસાદમા જ પ્રાંતિજ નાની ભાગોળ સબજેલ પાસે આવેલ રહેણાંક બે મકાનોમાં વરસાદી પાણી ઘરોમાં ઘુસ્યા હતા જેમાં મહેશભાઇ મિસ્ત્રી, લક્ષ્મીબેન ચૌહાણના ઘરોમાં પાણી ભરાવાથી ઘરમાં રહેલ સરસામાન, ઘરવખરી સહિત અનાજ પણ પલળી ગયુ હતું. રહીશોનું કહેવું છે કે અમે પ્રાંતિજ પાલિકામાં અનેકવાર રજુઆતો કરી છતાં પણ પાલિકા દ્વારા અમારી સમસ્યાનો હલ અજી સુધી આવ્યો નથી અને અમારા રહેણાંક વિસ્તાર આગળ જ પાણીની લાઇન લીકેજ છે તે પણ કોઈ રીપેરીંગ કરવા માટે આવતું નથી અને પાણી ભરાતા મચ્છરજન્ય રોગ પણ થઇ શકે છે. પ્રાંતિજ વોર્ડ નંબર- ૫ માં પણ ગટરોની સફાઇના થતા વરસાદને લઈને વરસાદી પાણી ગટરોમાં ના જતાં નીચણાવાળા વિસ્તારમાં ઘરોમાં પાણી ઘુસ્યા હતા. નગરપાલિકાના કોર્પોરેટર મોહિનભાઇ છાલોટીયાએ જણાવ્યુ કે ગટરોની સફાઇ ના થતાં વોર્ડ-૫ મા નીચાણવાળા વિસ્તારોમાં આવેલ ઘરોમાં વરસાદી પાણી ઘરોમાં ઘુસ્યા હતા. રહીશો દ્વારા અવારનવાર રજુઆતો કરવા છતાં પણ પાલિકા દ્વારા કોઈજ કાર્યવાહી ના થતા હાલ તો સ્થાનિકો પ્રેમ.મોન્સુન કામગીરી ઉપર અનેક સવાલો ઉભા થયાં છે. ત્યારે હવે જોવું રહ્યુ કે આ વિસ્તારના મકાન માલિકોને હજુ કેટલુ સહન કરવું પડશે અને હજુ ક્યા સુધી વરસાદી પાણી ઘરોમાંથી ઉલેચવા પડશે એ તો હવે જોવું રહ્યું.



### ડીસામાં બપોર બાદ વરસાદી ઝાપટું, નીચાણવાળી દુકાનોમાં પાણી ભરાયા

ડીસા પંથકમાં છેલ્લા એક સપ્તાહથી ઉકળાટ અને બફારા બાદ શનીવારે બપોર બાદ અચાનક વરસાદી ઝાપટું પડી જતા સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી, જો કે લાંબા સમય બાદ એકાએક વરસાદી ઝાપટું પડી જતા મુરઝાતા પાકોને જીવતદાન મળ્યું હતું પરંતુ શ્રાવણ મહિનો શરૂ થઈ ગયો હોવા છતાં પંથકમાં હજુ સુધી સામાન્ય વરસાદ થયો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી પાંચેક દિવસ પવન સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે જેના પગલે ધરતીપુત્રોમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી છે. જો કે ડીસામાં બપોર બાદ આકસ્મિક પડેલા વરસાદી ઝાપટાના કારણે સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું જેમાં નીચાણવાળા ભાગોમાં આવેલ સોસાયટીઓ સાથે આદર્શ હાઈસ્કૂલ રોડ, ભણસાલી રોડ વગેરે વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. પાલિકા દ્વારા અણઘડ રીતે રોડ બનાવાતા સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાતા દુકાનદારો ફરી એકવાર મુશ્કેલીમાં મુકાયા હતા. તેમછતાં કોરોના મહામારી વચ્ચે લાંબા વિરામ બાદ વરસેલા વરસાદને હરકોઈએ વધાવી લીધો હતો અને હજુ પણ વરસાદ સાંબેલાધાર વરસે તેવી પ્રાર્થના પણ કરી હતી. કારણ ગત વર્ષે પણ ડીસા પંથકમાં નહિવત વરસાદ થયો હતો અને આ વર્ષે પણ મેઘરાજા પુરેપુરા રિઝતા નથી. તેથી કૃષિને નુકશાનની વિપરીત અસરો અન્ય ધંધા રોજગાર ઉપર પણ પડી રહી છે.

# એસટી બસના ખાનગીકરણ સામે કર્મચારીઓમાં રોષ

## ભિલોડા બસ ડેપોના કર્મચારીઓએ સ્થાનિક ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું

ભિલોડા, તા. ૨૫

ભારત સરકારની સિવિલ એવિયેશન કંપની એરઇન્ડિયા જેવી હાલત ગુજરાત એસટી નિગમની થઇ રહી છે. એસટી નિગમ પાસે બસોના સંચાલન અને કર્મચારીઓના પગાર કરવા માટે રૂપિયા નથી. એસટી નિગમ એટલી બધી ખોટ કરે છે કે સરકારને ચૂકવવાના રૂપિયા પણ આપી શકતી નથી.

રાજ્યની એસટી બસોનું ખાનગીકરણ થાય તે દિશામાં ગુજરાત સરકાર આગળ વધી રહી છે ત્યારે કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે તેમજ એસ.ટી.ને બચાવવા માટે એસ.ટી. બસના કર્મચારીઓ અને મજદુર સંઘ દ્વારા ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાને આવેદનપત્ર આપી ખાનગીકરણ અટકાવવા અને કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.

ભિલોડા એસટી બસ ડેપોમાં ફરજ બજાવતા



કર્મચારીઓએ ભિલોડાના ધારાસભ્યને આવેદનપત્ર આપતાં જણાવાયું હતું કે ૧૯૫૦ થી આર.ટી.ઓ. એકટ મુજબ પરિવહન નિગમની સ્થાપના કરવામાં આવી છે. પ્રજાની સેવા માટે ઓછા નફાએ મુસાફરોના હિંતમાં અનેક બસો દોડાવવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી રાજયની મધ્યમ અને ગરીબ પ્રજાની પરિવહન સેવા ન ખોરવાય અને મુશ્કેલીમાં ન મુકાય તે માટે એસ.ટી. બસો ચાલુ રાખવામાં આવે તેવી માંગણી છે. એસ.ટી. નિગમ દ્વારા નહી નફો નહી નુકશાનના ધોરણે રાજયની પ્રજાને બસ સેવાનો લાભ આપવામાં આવે છે.

પરંતુ કેટલાક સમયથી એસ.ટી.નું ખાનગીકરણ કરવામાં આવી રહ્યુ હોય તેવી ગતિવિધીઓ શરૂ કરાઇ છે. કોરોના મહામારીના સમયે પણ નિગમના કર્મચારીઓ પોતાને કે પોતાના પરિવારની ચિંતા કર્યા વગર રાત-દિવસ ફરજ બજાવી રહ્યા છે. ત્યારે પ્રજાના હિતમાં એસ.ટી. નિગમનું ખાનગીકરણ ન કરાય અને કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઝડપથી નિરાકરણ કરવામાં આવે તેવી માંગણી સાથે ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાને આવેદનપત્ર આપી રજુઆત કરાઇ હતી.

# ટીંટોઈ ગામે એક તરફી પ્રેમમાં પાગલ યુવકને પરિવારજનોનો સહારો મળ્યો પછી તો હદ થઈ...

મોડાસા, તા. ૨૫

પ્રેમમાં વ્યક્તિ કોઈ પણ હદે જઈ શકે છે તેવું ઘણી વખત સાંભળવા મળ્યું છે પરંતુ એક તરફી પ્રેમ કરતા યુવકને પરિવારજનો જ સહકાર મળે તો પછી પૂછવું જ શું..!! આવી જ એક ઘટના અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે બની છે. જેમાં મોડાસા કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતી યુવતીને ગામના જ સહાધ્યાયી વિધર્મી યુવકે પ્રેમ સંબંધ રાખવા સતત પીછો કરી ધમકાવવાની સાથે યુવકનું રંજાડવાનું શરૂ રહેતા એક તરફી પ્રેમમાં યુવકના અસહ્ય બનેલ ત્રાસથી યુવતી અને તેના પરિવારજનો તોબા પોકારી ઉઠતા યુવકને પાઠ ભણાવવા ટીંટોઈ આઉટ પોલીસ સ્ટેશનમાં યુવતીના પિતા અને ભાઈ ફરિયાદ નોધાવાવા જતા યુવક અને તેના પરિવારજનોને જાણ થતા દોડી આવી ટીંટોઈ ઓપી નજીક જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી પિતા-ભાઈ પર હુમલો કરતાં ઓપી જમાદારે વચ્ચે પડી યુવતીના પિતાને બચાવ્યા હતા. હુમલાના પગલે આજુબાજુથી લોકો દોડી આવી યુવતીના પિતા બેશુદ્ધ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોડાસા સારવાર અર્થે ખસેડાયા હતા. યુવતીની ફરિયાદના આધારે મોડાસા રૂરલ પોલીસે યુવક અને ત્રણ લોકો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામની અનુસૂચિત જાતિ સમાજની યુવતીની ગામના જ અનીસખાન હનિફખાન મકરાણી નામના યુવકે યુવતી કોલેજ જાય ત્યારે પ્રેમ સંબંધ રાખવા સતત પીછો કરતો અને દબાણ કરતો હતો. યુવતી યુવાનની હરકતથી તંગ આવી પરિવારજનોને જાણ કરતા યુવતીના પરિવારજનોએ યુવકના ઘરે જઈ યુવકની હરકતો અંગે પરિવારજનોને અવગત કર્યા હતા તેમ છતાં થોડાક સમય પછી એક તરફી પ્રેમમાં પાગલ બની યુવતીનો પીછો કરતા અને યુવતીના ભાઈને ધમકી આપતા યુવતીના પરિવારજનો સમસમી ઉઠ્યા હતા અને યુવકનો પીછો છોડાવવા ટીંટોઈ આઉટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવા જતા આ અંગે યુવક અને તેના પરિવારજનોને જાણ થતા તાત્કાલિક ઓપી નજીક પહોંચી યુવતીના પિતા અને ભાઈ પર હુમલો કરતા ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા અને જાતિ વિષયક અપમાનજનક શબ્દો વાપરતા હોબાળો થતા આઉટ પોસ્ટના જમાદારે યુવતીના પિતાને યુવક અને તેના પરિવારજનોએ કરેલ ખૂની હુમલાથી બચાવી લીધા હતા. સમગ્ર ઘટનાના પગલે આજુબાજુથી લોકો દોડી યુવક અને તેના પરિવારજનો નાસી છૂટ્યા હતા. યુવતીના પિતા મારથી બેભાન થતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થ દવાખાને ખસેડાયા હતા.

મોડાસા રૂરલ પોલીસે યુવતીની ફરિયાદના આધારે અનીસખાન હનિફખાન મકરાણી, શાહરૂખ હનિફખાન મકરાણી, હનિફખાન ગજરખાન મકરાણી અને મરજીનાબેન ઉર્ફે માહેજાબાનું હનિફખાન મકરાણી (રહે, ટીંટોઈ) વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ સહીત ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધનસુરા પોલીસે બુટલેગરના ઘરેથી દારૂ ઝડપ્યો

## પોલીસ યુવક પર તૂટી પડી ઢોર માર મારતા પરિવારજનોમાં આક્રોશ, પોલીસના વર્તનથી અનેક તર્ક-વિતર્ક

ધનસુરા, તા. ૨૫

અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અટકાવવા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં બુટલેગરો સામે શખ્ત કાર્યવાહીના આદેશ આપતાં પોલીસે બુટલેગરો પર તવાઈ બોલવી છે. ધનસુરા પોલીસે બાતમીના આધારે ઠાકોરવાસ રહેતા યુવકના ઘરેથી બે બોટલ ઝડપી પાડી હતી. અગમ્ય કારણોસર ધનસુરા પોલીસ બુટલેગર યુવક પર તૂટી પડી હતી અને યુવકને ઢોર માર મારવામાં આવ્યો હોવાનો અને યુવક ચાલી પણ શકતો ન હોવાનો પરિવારજનોએ પોલીસ પર આક્ષેપ કર્યો હતો. ધનસુરા પોલીસે બુટલેગર યુવકને ઢોર માર મારતા લોકોમાં પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે.

ધનસુરા પોલીસને બાતમી મળી હતી કે ઠાકોર વાસમાં રહેતો સિદ્ધરાજસિંહ નટુભાઈ ખાંટ



નામનો શખ્સ ઘરે વિદેશી દારૂનો વેપલો કરે છે. બાતમીના આધારે ધનસુરા પોલીસે સિધ્ધરાજસિંહના ઘરે રેડ પાડી ઘરના આગળના રૂમમાંથી પલંગ નીચેથી બે બોટલ વિદેશી દારૂ સાથે યુવકને દબોચી લીધો હતો. ધનસુરા પોલીસે સિધ્ધરાજસિંહ નટુભાઈ ખાંટ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા પોલીસે સિદ્ધરાજસિંહને વિદેશી દારૂની બોટલ ક્યાંથી અને કોની પાસેથી લાવ્યો તે અંગે જાણવા પુછપરછ હાથ ધરી યુવકને ઢોર માર મારવામાં આવ્યો હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. યુવકના પરિવારજનોના જણાવ્યા અનુસાર યુવક પોલીસ મારથી ચાલી પણ શકતો નથી. યુવકના પરિવારજનોમાં પોલીસની દબંગગીરી સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.



મોડાસાના એક એવા તબીબને આજે સન્માન કરવાની તક જાયન્ટસ પરિવાર વતી મળી. ડોક્ટર રાકેશભાઇ શાહ જાહેરમા બહુજ ઓછા આવે છે, ઓર્થોપેડિકમા જેમનુ મોટુ નામ છે તેમના પરિવારનુ તબીબી ક્ષેત્રમાં મોટુ યોગદાન છે. સ્વ. ડો. રાધાબહેન અને ડો. સી.કે. શાહ સાહેબે ટાંચા ઉપકરણો સાથે વાત્રક હોસ્પિટલમાં લોકોની બહુ સેવા કરી હતી, તેમના પુત્ર અને ડો. રાકેશભાઇ જાયન્ટસના વૃક્ષા રોપણના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# ડીસામાં વધુ એક આધેડનું કોરોનાના કારણે મોત

ડીસા, તા. ૨૫

લોકલ સંક્રમણ બેકાબુ બની જતા ડીસામાં દરરોજ આઠથી દસ પોઝીટિવ કેસ નોંધાઇ રહ્યા છે, જેના પગલે ડીસામાં કોરોના પોઝીટિવ દર્દીઓની સંખ્યા બેવડી સદીને પાર એટલે કે ૨૧૦ સુધી પહોંચી જવા પામી છે, સાથે સાથે કોરોનાએ વધુ એક આધેડનો ભોગ લીધો છે જેમાં શહેરના સિંધી કોલોની વિસ્તારમાં પંડિત દિનદયાળ ભંડારના સંચાલક સહાયક નટુભાઈ ચાવડા (ચાવડાકાકા)નું ગત શુક્રવારે કોરોનાના કારણે અવસાન થતા શહેરમાં અત્યાર સુધી કોરોનાના કારણે મૃત્યુ પામનાર કમનસીબની સંખ્યા ૧૬ સુધી પહોંચી જવા પામી છે. હજુ પણ જે રીતે કોરોના પોઝીટિવની સંખ્યા વધી રહી છે તે જોતા આગામી સમયમાં સ્થિતિ વધુ સ્ફોટક બની શકે તેમ છે ત્યારે લોકોમાં કોરોના પ્રત્યે ભય સાથે જાગૃતતા આવે તે પણ તેટલી જ અનિવાર્ય છે.

# અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોનો જિલ્લા વિભાજન બદલી કેમ્પ યોજવા શિક્ષણમંત્રીને લેખિત રજૂઆત

## નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખની શિક્ષણમંત્રીને લેખિત રજૂઆત

મોડાસા, તા. ૨૫

સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લાનું વિભાજન થયાને આજે સાત વર્ષ જેટલો સમય થઈ ગયો છે. સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજન થઈને અરવલ્લી જિલ્લાની રચના કરવામાં આવી હતી. સરકારના નિયમો પ્રમાણે બંને જિલ્લામાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓને નોકરીમાં જે-તે જિલ્લાની પસંદગી કરીને બદલીનો લાભ આપવાની જાહેરાત પણ કરાઇ હતી. જેમાં પ્રાથમિક શિક્ષકોને બાદ કરી અન્ય વિભાગના મોટા ભાગના કર્મચારીઓને પસંદગીના જિલ્લામાં જવા માટેના વિકલ્પો અપાયા છે. અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોને માત્ર એક જ વખત જિલ્લા વિભાજન બદલી કેમ્પનો લાભ આપવામાં આવ્યો છે. સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લામાં આવવા માટે યોજાયેલા જિલ્લા વિભાજન બદલી કેમ્પમાં બહુ જ ઓછી સંખ્યામાં શિક્ષકોને લાભ મળ્યો છે. સરકાર દ્વારા આવનાર સમયમાં બદલી કેમ્પનું આયોજન થઈ રહ્યું છે ત્યારે મોડાસા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ દિનેશભાઈ આર. ગુર્જર દ્વારા શિક્ષણમંત્રીને જિલ્લા વિભાજન બદલી કેમ્પનું આયોજન કરવા લેખિત રજૂઆત કરાઇ છે. રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લાનું વિભાજન થયાને સાત વર્ષ જેટલો સમય થવા આવ્યો છે. ત્યારે પ્રાથમિક શિક્ષકોના અન્ય બદલી કૅમ્પ કરતા પહેલા સાબરકાંઠા અરવલ્લી જિલ્લા વિભાજન બદલી કેમ્પ કરીને શિક્ષકોને પોતાના પસંદગીના જિલ્લામાં વિકલ્પ આપવા માટેની માંગ કરી છે. વધુમાં અરજીમાં જણાવ્યા પ્રમાણે જિલ્લા વિભાજન બદલી એ વહીવટી પ્રક્રિયાનો એક ભાગ છે તેને જનરલ બદલી કેમ્પ સાથે જોડી શકાય નહી. જેથી કરીને છેલ્લા સાત વર્ષથી પોતાના જિલ્લામાં વિકલ્પ પસંદ કરનાર શિક્ષકોને હાલમાં નિવૃત્ત થતા શિક્ષકોની જગ્યાએ જિલ્લા વિભાજન બદલી કેમ્પનું આયોજન કરીને બંને જિલ્લાના શિક્ષકોને બદલીનો લાભ આપવા માટે ની રજૂઆત કરાઇ છે.

### મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત

# કોલેજમાં કારગીલ વિજય દિવસની રક્તદાન કરી ઉજવણી

અરવલ્લી જિલ્લાના મોડાસાના મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલીત કોલેજ કેમ્પસમાં કારગીલ વિજય દિવસની ઉજવણીના ઉપલક્ષમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ



હતું. મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલીત આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજના ૭૦ એન.સી.સી. કેડેટ્સે રક્તદાન કર્યુ હતું. ૩૪ ગુજરાત બટાલીયનના કર્નલ મનીષ ધવન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હાલ કોરોના માહમારી ચાલી રહી છે ત્યારે રકતની વધુ જરૂરીયાત પડતી હોય છે ત્યારે ગરીબ દર્દીઓને સરકારી હોસ્પિટલમાંથી નિઃશુલ્ક રકત મળી રહે તે હેતુથી રકતદાનનું આયોજન કરવામાં આવ્યુ હતું. મંડળના મંત્રીઓ સુભાષભાઈ શાહ, સુરેન્દ્રભાઈ જે. શાહ, મહેંદ્રભાઈ વી. શાહ, આર્ટસ કોલેજ પ્રિન્સિપલ ડો. દિપકભાઈ જોષી, કોમર્સ કોલેજના પ્રિન્સિપલ ડો. સુધીરભાઈ જોષી, સાયન્સ કોલેજના પ્રિન્સિપલ ડો. કે. પી. પટેલ સાથે એન.સી.સી. કોલેજના કમાન્ડર સાથે એન.સી.સી. ટ્રેનર્સ ઉપસ્થિતિ રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.